નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.
ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જાવક નં :- ૭૨૬૪

તા. ૭/૦૨/૨૦૧૯

પ્રતિ,

મુખ્ય શિક્ષકશ્રી/આચાર્યશ્રી,

પ્રા.શાળા તમામ.

ન.પ્રા.શિ.સમિતિ સુરત.

વિષય : પાણીની ટાંકી સફાઈ બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરતના તમામ શાળા ભવનમાં ટાંકી સફાઈ મહિનામાં એક વખત વિનાયક કોર્પોરેશન સુરત દ્વારા કરવામાં આવતી હતી. સને ૨૦૧૯- ૨૦ નાં વર્ષ માટે ૦૭/૦૧/૧૯ થી ટાંકી સફાઈ અરિહંત વોટર કેર સર્વિસ, ઈન્દોર દ્વારા કરવામાં આવનાર છે. ટાંકી સફાઈ કર્યા બાદ સામેલ નમુના મુજબનું પ્રમાણપત્ર ઈજારદારને આપવાનું રહેશે અને તેની એક નકલ શાળા કક્ષાએ રાખવાની રહેશે. ઈજારદાર દ્વારા ટાંકીની સફાઈ યાંત્રિક પધ્ધતિથી સંપૂર્ણ બેક્ટેરીયા નાબૂદી હાઈપ્રેસર, યુ.એલ.વી લાઈટ અને એન્ટીબેક્ટેરીયલ એજન્ટથી ટાંકી સફાઈ કરવામાં આવશે. ટાંકી સફાઈ મહિનામાં એક વખત કરવામાં આવશે આથી નિયમિત સફાઈ થાય તેની તકેદારી આચાર્યશ્રી એ રાખવાની રહેશે. ટાંકી સફાઈ વખતે બાળકોના અભ્યાસમાં ખલેલ ન પહોચે એ રીતે ઈજારદાર સાથે સંકલન કરીને ટાંકી સફાઈ કરાવવાની રહેશે. એક જ શાળા ભવનમાં એક કરતા વધારે શાળા કાર્યરત હોય તેવા સંજોગોમાં આચાર્યશ્રી એ પરસ્પર સંકલન કરીને ટાંકી સફાઈ કરાવી લેવાની રહેશે. ટાંકી સફાઈ કર્યાનું રજિસ્ટર અગાઉ આપેલ નમુના મુજબનું નિભાવવાનું રહેશે અને બીટ નિરીક્ષક શાળા મુલાકાત માટે આવે ત્યારે બતાવવાનું રહેશે. ઈજારદાર દ્વારા ટાંકી સફાઈ કરવામાં આવે ત્યારે ટાંકી વ્યવસ્થિત સફાઈ થઈ છે કે કેમ ? તેની ચકાસણી કર્યાબાદ ટાંકીનું ઢાંકણ વ્યવસ્થિત બંધ કરવામાં આવેલ છે કે કેમ ? તેની ચકાસણી પણ કરી લેવાની રહેશે. જે શાળાઓમાં ટાંકીના ઢાંકણ ન હોય કે તુટેલા હોય એ શાળાઓએ ઝોનમાં જાણ કરી ટાંકીના ઢાંકણ રીપેર / નવા આપની કક્ષાએથી નંખાવી લેવાના રહેશે.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત

સંપર્ક નં. ૯૮૯૩૧૦૭૭૫૮ અરિહંત વોટર કેર સર્વિસ

બિડાણ : પ્રમાણપત્ર

સવિનય નકલ રવાના :

- મે.અધ્યક્ષશ્રી, ન.પ્રા.શિ.સમિતિ સુરત.

નકલ રવાના :

- નિરીક્ષકશ્રી, તમામ ન.પ્રા.શિ.સમિતિ સુરત તરફ જાણ તેમજ અમલવારી અર્થે.

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અરિહંત વોટર કેર સર્વિસ ઈન્દોર દ્વારા નીચે મુજબની વિગતે પાણીની ટાંકી સફાઇ યાંત્રિક પધ્ધતિથી સંપૂર્ણ બેક્ટેરીયા નાબૂદી હાઈપ્રેસર, યુ.એલ.વી લાઈટ અને એન્ટીબેક્ટેરીયલ એજન્ટથી સફાઈ કરવામાં આવેલ છે. જેમા સેફ્ટી નોમસ મુજબ સફાઈ કામદારે ગમ બુટસ, માઉસ, ગ્લોઝ, ગોગલ્સ અને હેલ્મેટ પહેરીને ટાંકીમાં રહેલ પાણીને સંપૂર્ણ પણે બહાર કાઢી હાઈ પ્રેશર મશીનથી ટાંકીની સફાઈ કરવામાં આવેલ છે. ત્યારબાદ વેકયુમ ક્લીનર મશીનથી ટાંકીનો અંદરનો ભાગ વ્યવસ્થિત રીતે સાફ કરી એન્ટી બેક્ટેરીયલ સ્પ્રે મારી ફરીથી હાઈ પ્રેશર મશીનથી ટાંકીની સફાઈ કરી ફરીથી વેકયુમ કલીનર મશીનથી ટાંકીની સફાઈ કરી યુ.વી. રેડિયેશન લાઈટ લગાવી નીરીક્ષણ કરેલ છે. તેમજ ટાંકી સફાઈ કરીને ટાંકીનું ઢાંકણ ઇજારદાર દ્વારા વ્યવસ્થિત રીતે બંધ કરવામાં આવેલ છે. તેમજ ટાંકી સફાઈ વખતે ઇજારદારે જરૂરી સાધનો પોતાના ઉપયોગમાં લીધેલ છે.

શાળા નંબર(ભવનમાં માં સમાવિષ્ટ તમામ શાળાના નંબર) ..................................

કેન્દ્ર નંબર........................ માસ .................................

આચાર્યનું નામ ......................................... આચાર્યનો મો. નંબર...............................

| ટાંકી સફાઈ કર્યાની વિગત | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | ઝોનનું નામ | ટાંકી સફાઇ કર્યા તારીખ | ઓવહેડ ટાંકીની કુલ સંખ્યા | અંન્ડર ગ્રાઉન્ડ ટાંકીની કુલ સંખ્યા | ગ્રાઉન્ડ ફ્લોર ટાંકીની કુલ સંખ્યા | સિન્ટેક્ષ ટાંકીની સંખ્યા | કુલ સફાઈ કરેલ ટાંકીની સંખ્યા |
| | | | | | | | |

ઉપરોકત વિગતે અરિહંત વોટર કેર સર્વિસ ઈન્દોર દ્વારા ટાંકી સફાઈની કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કરવામાં આવેલ છે. જે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

આચાર્યના સહી તથા સિક્કા

તારીખ :

સ્થળ :